અપીલ અરજી નં.૩૨૦ તા.૩૧–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ– ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી પુણા કુંભારીયા રોડ ઉપર આવેલ એ.પી.એમ.સી. ધ્વારા ચાલતી સરદાર માર્કેટમાં દુકાનો ભોંયરાઓ તેમજ આકારણી બાબત મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૩૨૦/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથીપુણા કુંભારીયા રોડ ઉપર આવેલ એ.પી.એમ.સી. ધ્વારા ચાલતી સરદાર માર્કેટમાં દુકાનો ભોંયરાઓ તેમજ આકારણી બાબત મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતાના પત્ર નં.ટી.ડી.ઓ/૪૬૮૨ તા.૨૨–૧૨–૦૯ થી આપેલ માહિતી ગોળગોળ અને ગેરમાર્ગે દોરનારી આપાવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૬ તા.૭–૧–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અરજીમાંકયા મુદ્દાની માહિતી માટે કયા કારણસર નારાજગી છે? તથા મળેલી માહિતી ગોળ ગોળ અને ગેરમાર્ગે દોરનારી હોવાના દાવાના સમર્થનમાં કોઈ આધાર/સમર્થન હોય તો રજૂ કરવા તથા જાહેર માહિતી અધિકારીના તા.૨૨–૧૨–૦૯ ના પ્રત્યુત્તર અન્વયે આપે ઈન્સ્પેકશન મેળવેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫૦૬૪ તા.૧૮–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ, લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૩૧૨૦ તા.૩–૧૨–૦૯ થી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યાના પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન તથા શહેર વિકાસ ખાતુ ટાઉન પ્લાનરશ્રીને સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૪૭ તા.૨૫–૧૧–૦૯ થી તબદીલ કર્યાના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી લીંબાયતઝોન કાર્યપાલક ઈજનેરને પત્ર નં.ટીડીઓ/૪૫૧૨ તા.૧૧–૧૨–૦૯ થી તબદીલ કર્યાના પત્રની નકલ, ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પાઠવેલ પત્ર નં.ટીડીઓ/૪૬૮૨ તા.૨૨–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૩૮૨૯ તા.૩૦–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૫૦ તા.૧૧–૧૨–૦૯ ના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના યુપીસીના પુરાવાની નકલ, મુળ અરજીની નકલ પૂરક વિગતો રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી મૃદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર સુરત મહાનગરપાલિકા મુગલીસરાઈ ખાતે કરવામાં આવેલ. જે નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૪૭ તા.૨૫–૧૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન અને ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર મીહતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/લીંબાયત/આ.નં.૩૧૨૦ તા.૩–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી પત્ર નં.ટીડીઓ/૪૫૧૨ તા.૧૧–૧૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને મુદ્દા નં.૩,૪ અને ૬ ની અંશતઃ માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં. ૧,૨ અને ૫ ની માહિતી પત્ર નં.ટીડીઓ/૪૬૮૨ તા.૨૨–૧૨–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ. અરજદારની માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ સરદાર માર્કેટમાં ગેરકાયદેસર બાંધકામ કેટલું અને કેટલી દુકાનો ગેરકાયદેસર બાંધેલી છે તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ પુણા કુંભારીયા રો પર આવેલ એપીએમસી ધ્વારા ચાલતી સરદાર માર્કેટના પ્લાનો પ્રથમ ટીડીઓ/૬૯ તા.૧૮–૨–૯૭ થી મંજુર કરવામાં આવેલ. ત્યાર બાદ રીવાઈઝડ પ્લાનો ટીડીઓ નં. ૨૯ તા.૩૦–૪–૯૮ થી મંજુર કરવામાં આવેલ. તે મુજબ ૬૯૬૭૦.૪૦ ચો.મી. નું બાંધકામ મંજુર કરવામાં આવેલ. મંજુર પ્લાનમાં દર્શાવ્યા સિવાયનું બાંધકામ પરવાનગી ન હોવાથી ગેરકાયદેસર છે. મુદ્દા નં.૨ સરદાર માર્કેટોમાં દુકાનો કેટલી અને ભોંયરા કેટલા જેનો ટોટલ આંકડો આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં સરદાર માર્કેટના મંજુર થયેલ પ્લાનોમાં દર્શાવ્યા મુજબ ૨૫૦ દુકાનો તથા આઈ. જે . તથા કે. વિંગમાં પાર્ટ ભાગમાં ભોંયરા (બેઝમેન્ટ) મંજુર થયેલ છે તેમ છતાં આપને વધુ માહિતીની જરૂર હોય તો રૂબરૂમાં આવી મંજુર પ્લાનનું નીરીક્ષણ કરી શકો છો. જેનો પ્રથમ અડધો કલાકનો કોઈ ચાર્જ ભરવાનો થતો નથી પછીના પ્રતિ અડધા કલાકના રૂા.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રેહેશે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે તેમાં નિરીક્ષણ મેળવેલ છે કે કેમ તે અંગેની વિગતો અપીલ તબકકે તા.૭–૧–૧૦ થી પત્ર પાઠવી તક આપવા છતાં વિગતો રજૂ કરેલ નથી. તથા કયા કારણસર નારાજગી

છે તે પણ રજૂ કરેલ નથી અને મળેલ માહિતી ગોળ ગોળ હોવા બાબતેના દાવાના સમર્થનો પણ આધાર રજૂ કરેલ નથી. એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૨૫૦ તા. ૧૧–૧૨–૦૯ થી મુદ્દા નં.૨ અંશતઃ તથા મુદ્દા નં.૩,૪ અને ૬ આકારણીને લગતી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૨ માં સરદાર માર્કેટમાં દુકાનો કેટલી અને ભોંયરા કેટલા તેનો ટોટલ આંકડો આપશો તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ સરદાર માર્કેટમાં દૃકાનો તથા સ્ટોલો ૮૨૬ છે જયારે મુદ્દા નં.૩ માં સરદાર માર્કેટની આકારણી થઈ છે ખરી? અને કેટલાની આકારણી બાકી છે? તેવા પ્રશ્નના ઉત્તરમાં સરદાર માર્કેટની આકારણી થઈ ગયેલ છે. મુદ્દા નં.૪.સરદાર માર્કેટમાં ભાડુત કેટલા અને માલીક કેટલા જેનો ટોટોલ આંકડો આપશો. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં સરદાર માર્કેઠની આકારણી દફતરે ૬૬૭ માલિકો તથા ૧૫૯ ભાડુતો નોંધાયેલ છે. મુદ્દા નં.૬.સરદાર માર્કેટની દુકાનોની આકારણી બાકી હોય તો તેની કેટલો સમયમાં આકારણી પૂરી થશે. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારીએ સરદાર માર્કેટની આકારણી થઈ ગયેલ છે તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૫.સરદાર માર્કેટમાં પ્લાન મુજબનું બાંધકામ છે કે પ્લાન વિરુધ્ધનું જેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સરદાર માર્કેટમાં આંશિક ફેરફાર કરીને કરવામાં આવેલ જે તે બાંધકામ મંજુર પ્લાન વિરુધ્ધના ગણી શકાય. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ધ્વારા આપવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ હોય માહિતી અંગે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ધ્વારા જણાવેલ વિગતે લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરી તપાસણી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ),સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,